# ત્રણ એક્સ. ટ્રેનો હવે સાબરમતી નહીં, ગાંધીગ્રામથી ઉપડશે

**જોધપુર**, આગરા કેન્ટ અને ગ્વાલિયલર જતી ટ્રેનોને ચાંદખેડામાં સ્ટોપેજ અપાયું

અમદાવાદઃ રેલવે મંત્રાલયે સાબરમતીથી સંચાલિત થતી જોધપુર, આગરા કેન્ટ અને ગ્વાલિયર એક્સપ્રેસ ટ્રેનોનું ટર્મિનલ સ્ટેશન ગાંધીગ્રામ રહેશે. આ સાથે ત્રણેય ટ્રેનોને ચાંદખેડા રોડ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ પણ આપવામાં આવ્યું છે. નવી વ્યવસ્થા પ્રમાણે ટ્રેન નંબર 14822 ગાંધીગ્રામ-જોધપુર એક્સપ્રેસ 27 ઓગસ્ટથી દરરોજ સવારે 7 વાગ્યે ગાંધીગ્રામથી ઉપડશે અને ચાંદખેડા રોડ ખાતે 7:09થી 7:11 વાગ્યા સુધી રોકાઈ સાંજે 6:10 વાગ્યે જોધપુર પહોંચશે. જ્યારે 14821 જોધપુર-ગાંધીગ્રામ એક્સપ્રેસ 26 ઓગસ્ટથી જોધપુરથી સવારે 10 વાગ્યે ઉપડી ચાંદખેડા રોડ પર રાત્રે 8:15થી 8:17 વાગ્યા સુધી રોકાઈ રાત્રે 9 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. તે જ રીતે 12548 ગાંધીગ્રામ-આગરા કેન્ટ એક્સપ્રેસ (અઠવાડિયામાં ચાર દિવસ) 26 ઓગસ્ટથી સાંજે 4:40 વાગ્યે ગાંધીગ્રામથી ઉપડશે અને ચાંદખેડા રોડ પર 5:02થી 5:04 વાગ્યા સુધી રોકાઈ બીજા દિવસે સવારે 7:05 વાગ્યે આગરા કેન્ટ પહોંચશે. જ્યારે 12547 આગરા કેન્ટ-ગાંધીગ્રામ એક્સપ્રેસ 25 ઓગસ્ટથી આગરાથી રાત્રે 10 વાગ્યે ઉપડી બીજા દિવસે સવારે 11:02થી 11:04 વાગ્યા સુધી ચાંદખેડા રોડ પર રોકાઈ બપોરે 12 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

આ ઉપરાંત 22548 ગાંધીગ્રામ-ગ્વાલિયર એક્સપ્રેસ (અઠવાડિયામાં ત્રણ દિવસ) 27 ઓગસ્ટથી સાંજે 4:40 વાગ્યે ગાંધીગ્રામથી પ્રસ્થાન કરશે અને ચાંદખેડા રોડ ખાતે 5:02થી 5:04 વાગ્યા સુધી રોકાઈ બીજા દિવસે સવારે 9:25 વાગ્યે ગ્વાલિયર પહોંચશે. જ્યારે 22547 ગ્વાલિયર-ગાંધીગ્રામ સુપરફાસ્ટ એક્સપ્રેસ 26 ઓગસ્ટથી ગ્વાલિયરથી રાત્રે 8:10 વાગ્યે ઉપડી બીજા દિવસે સવારે 11:02થી 11:04 વાગ્યા સુધી ચાંદખેડા રોડ પર રોકાઈ બપોરે 12 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

# બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન વધુ સક્રિય, આજથી ફરી ભારે વરસાદ

**તા.3જી** ઓગસ્ટ સુધી ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લામાં ફરી ભારે વરસાદની આગાહી

**મોટાભાગના** વિસ્તારોમાં ગાજવીજ સાથે 30થી 40 કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે

ગાંધીનગરઃ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી તથા પશ્ચિમ બંગાળ-ઉત્તર ઓડિશાના દરિયાકાંઠા નજીક સર્જાયેલું ડિપ્રેશન રવિવારે વધુ મજબૂત બની ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થયું છે. સવારે 8.30 વાગ્યે તે સાગર આઈલેન્ડ નજીક કેન્દ્રિત હતું અને ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી બાલાસોર અને કેનિંગ વચ્ચે દરિયાકાંઠો પાર કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પશ્ચિમ રાજસ્થાન પરનું લો-પ્રેશર નબળું પડ્યું હોવા છતાં તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન હજુ સક્રિય છે, જ્યારે અરબી સમુદ્ર તરફનું સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોનસૂન ટ્રફ ગુજરાત તરફ ભેજયુક્ત પવનો ખેંચી રહ્યા હોવાથી આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. આવતીકાલે તા.28મી જુલાઈથી શરૂ કરીને તા.3જી ઓગષ્ટ સુધી રાજ્યના ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી વિવિધ જિલ્લાઓમાં યલો-ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજ, 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે.

## દ.ગુ.માં 83.06 ટકા સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો 54.83 ટકા વરસાદ વરસી ગયો

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ 498.38 મીમી એટલે કે સિઝનનો 54.83 ટકા વરસાદ નોંધાયો છે. ઝોનવાર આંકડા મુજબ દક્ષિણ ગુજરાતમાં 83.06 ટકા વરસાદ સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 52.93 ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં 52.99 ટકા, ઉત્તર ગુજરાતમાં 43.43 ટકા અને કચ્છમાં 18.82 ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લાવાર આંકડાઓમાં નવસારીમાં 99.29 ટકા, વલસાડમાં 96.85 ટકા, સુરતમાં 82.72 ટકા અને ડાંગમાં 74.36 ટકા વરસાદ નોંધાયો છે, જ્યારે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ જામનગરમાં મોસમી વરસાદ ઓછો રહ્યો છે.

## વિવિધ ઘટનાઓમાં 5 જ દિવસમાં 46નાં મોત

ભારે વરસાદ અને પૂરની સ્થિતિ વચ્ચે રાજ્યમાં અત્યાર સુધી કુલ 53,117 લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવામાં આવ્યા છે, જ્યારે લશ્કર, એનડીઆરએફ, કોસ્ટ ગાર્ડ અને એસડીઆરએફ સહિત વિવિધ બચાવ દળોએ 9,650 લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું છે. સૌથી વધુ સ્થળાંતર વલસાડ જિલ્લામાં 21,028 લોકોનું, નવસારીમાં 16,470 અને સુરતમાં 8,586 લોકોનું કરવામાં આવ્યું છે. રાજ્યમાં 22 જુલાઈથી અત્યાર સુધી ભારે વરસાદ અને પૂરની વિવિધ ઘટનાઓમાં 46 લોકોના મોત થયા છે, જેમાં સુરતમાં ખાડી પૂર દરમિયાન 25 લોકોના તેમજ સમગ્ર ચોમાસા દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી કુલ 71 લોકોના મોત નોંધાયા છે.

# અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસ 17 ઓગસ્ટથી અમદાવાદને બદલે સાબરમતીથી ઉપડશે

**આંબલી** રોડ રેલવે સ્ટેશન પર પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસને સ્ટોપેજ આપવામાં આવ્યું

અમદાવાદઃ રેલવે મંત્રાલય દ્વારા અમદાવાદ-ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસનું ટર્મિનલ સ્ટેશન, સમય તેમજ રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સુધારેલી વ્યવસ્થા 17 ઓગસ્ટ, 2026થી અમલમાં આવશે. નવી વ્યવસ્થા મુજબ હવે વંદે ભારત એક્સપ્રેસનું પ્રારંભિક અને અંતિમ સ્ટેશન અમદાવાદના બદલે સાબરમતી (જેલ સાઈડ) - SBT રહેશે. આ ઉપરાંત શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતા મુસાફરોને વધુ સુવિધા મળે તે માટે આંબલી રોડ રેલવે સ્ટેશન પર પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસને સ્ટોપેજ આપવામાં આવ્યું છે. સુધારેલા સમય પ્રમાણે ટ્રેન નંબર 22925 સાબરમતી-ઓખા વંદે ભારત એક્સપ્રેસ દરરોજ (મંગળવાર સિવાય) સવારે 6:15 વાગ્યે સાબરમતીથી ઉપડશે. ટ્રેન 6:23 વાગ્યે આંબલી રોડ પહોંચશે અને 6:25 વાગ્યે પ્રસ્થાન કરીને બપોરે 1:20 વાગ્યે ઓખા પહોંચશે. તે જ રીતે, ટ્રેન નંબર 22926 ઓખા-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ઓખાથી સાંજે 4:45 વાગ્યે પ્રસ્થાન કરશે. ટ્રેન રાત્રે 10:40 વાગ્યે આંબલી રોડ પહોંચશે અને 10:42 વાગ્યે પ્રસ્થાન કરીને રાત્રે 11:10 વાગ્યે સાબરમતી પહોંચશે. ટ્રેન મંગળવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ દોડશે. રેલવે દ્વારા જણાવાયું હતુ કે ટ્રેન નંબર 22925 અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસની હાલની સમયસારણી 15 ઓગસ્ટ, 2026 સુધી અમલમાં રહેશે, જ્યારે 22926 ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસની વર્તમાન વ્યવસ્થા 16 ઓગસ્ટ, 2026 સુધી યથાવત રહેશે. ત્યારબાદ 17 ઓગસ્ટથી નવી સમયસારણી અને સુધારેલી વ્યવસ્થા અમલમાં આવશે.

**સાયબર ઠગાઈ સામે ડિજિટલ હથિયાર: 'e-Zero FIR' લોન્ચ**

# સાયબર ફ્રોડનો ભોગ બનેલાને હવે પોલીસ સ્ટેશનના ધક્કા નહીં

**1930** પર ફરિયાદ અને ઘરબેઠાં FIR: ગુજરાતમાં 'e-Zero FIR' વ્યવસ્થાનો અમલ

**હર્ષ** સંઘવીએ લોન્ચ કરી 'e-Zero FIR' સેવા; સાયબર ફ્રોડના કેસમાં હવે તાત્કાલિક કાર્યવાહી

ગાંધીનગર: સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડના વધતા બનાવો વચ્ચે રાજ્ય સરકારે પીડિતોને ઝડપી ન્યાય અને તાત્કાલિક પોલીસ કાર્યવાહી મળે તે માટે વધુ એક મહત્વપૂર્ણ ડિજિટલ પહેલ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે 'સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનો પ્રારંભ કરાવ્યો છે. હવે 1930 હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવતાની સાથે જ આપોઆપ 'e-Zero FIR' તૈયાર થઇ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પહોંચી જશે, જેના કારણે પીડિતોને પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર નહીં રહે અને ગુમાવેલી રકમ બચાવવાની શક્યતા પણ નોંધપાત્ર રીતે વધશે.

સાયબર આર્થિક છેતરપિંડીના કેસોમાં ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા ગુજરાત સરકારે રાજ્યમાં 'સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાની શરૂઆત કરી છે. ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ સેવાનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. નવી વ્યવસ્થા હેઠળ સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકો માત્ર 1930 હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવશે અને તે ફરિયાદના આધારે સિસ્ટમ દ્વારા આપોઆપ 'e-Zero FIR' જનરેટ થઈ સંબંધિત પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવશે. પરિણામે ફરિયાદ નોંધવામાં થતો વિલંબ ઘટશે અને છેતરાયેલી રકમ ફ્રીઝ કરીને બચાવવાની શક્યતા વધશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે 'e-Zero FIR' વ્યવસ્થાથી સાયબર ફ્રોડના પીડિતોને ઘરબેઠાં જ ફરિયાદ નોંધાવવાની સુવિધા મળશે અને સમયસર કાર્યવાહીથી નાણાં પરત મેળવવાની સંભાવના પણ વધશે.

રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આ નવી વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે તમામ ફિલ્ડ યુનિટોને સંવેદનશીલતા અને ગંભીરતા સાથે કામગીરી કરવાની સૂચના આપી છે. તેમણે અધિકારીઓને દરેક અરજદારને ઝડપી ન્યાય મળે અને સાયબર ગુનાઓમાં ત્વરિત તપાસ શરૂ થાય તે સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો છે. સાયબર સેન્ટર ઓફ એક્સિલેન્સના આઈજીપી બિપિન આહીરેએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) સાથે સંકલન સાધીને આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. 1930 હેલ્પલાઇન પર મળતી સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડની ફરિયાદોના આધારે સિસ્ટમ દ્વારા આપોઆપ Zero FIR તૈયાર થશે, જે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવામાં આવશે. ત્યારબાદ નિયમ મુજબ FIR નોંધશે અને તપાસની કાર્યવાહી શરૂ કરશે.

# ગાંધીનગરમાં જાહેરમાં ગોળી મારી નીલગાયની હત્યા કરાઈ

**બાઈક** પર આવેલા ત્રણ શખ્સ ફરાર, વન વિભાગે ગુનો નોંધી એફએસએલ અને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી

ગાંધીનગરઃ રાજ્યમાં વન્યજીવો પર વધી રહેલા હુમલાઓ વચ્ચે ગાંધીનગરના ભાઈજીપુરા વિસ્તારમાં જાહેરમાં નીલગાયની ગોળી મારી હત્યા કરવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુષ્ટિ બંગલોઝ અને હોટલ રોયલ એમ્પાયર પાછળના ખુલ્લા વિસ્તારમાં પલ્સર બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સએ નીલગાયને નિશાન બનાવી ગોળીબાર કર્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, ગોળીબારના ત્રણ જેટલા ધડાકા સંભળાતા આસપાસના રહેવાસીઓ ગભરાઈને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે લોકો પહોંચે તે પહેલાં જ ત્રણેય શખ્સ બાઈક પર પૂરઝડપે ફરાર થઈ ગયા હતા. ગોળી વાગતાં ગંભીર રીતે ઘવાયેલી નીલગાય ઘટનાસ્થળે જ તડપી-તડપીને ઢળી પડી હતી. ઘટનાની જાણ થતાં વન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. નીલગાયના મૃતદેહનું પંચનામું કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વન વિભાગના અધિકારી આર. કે. ગોહિલે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં નીલગાયના શરીરમાં એક ગોળી વાગી હોવાનું સામે આવ્યું છે, જેના કારણે તેનું મોત થયું હોવાનું જણાય છે. સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ કાયદેસરની ફરિયાદ નોંધવામાં આવી છે અને આરોપીઓને શોધવા માટે વિવિધ દિશામાં તપાસ ચાલી રહી છે. તપાસને વૈજ્ઞાનિક આધાર આપવા માટે એફએસએલની ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી. ટીમે ઘટનાસ્થળેથી ગોળીબાર સંબંધિત પુરાવા અને અન્ય જરૂરી નમૂનાઓ એકત્ર કર્યા છે. ગોળી કયા પ્રકારના હથિયારમાંથી છોડવામાં આવી હતી અને તેનો ઉપયોગ કોણે કર્યો તે અંગે ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવી છે. જાહેર રહેણાંક વિસ્તાર નજીક આ રીતે ખુલ્લેઆમ ફાયરિંગ કરીને સુરક્ષિત વન્યજીવની હત્યા કરવામાં આવતાં સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી છે. રહેવાસીઓએ આરોપીઓને ઝડપથી પકડી કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે. બીજી તરફ વન વિભાગે પણ વન્યજીવોની સુરક્ષા સાથે કોઈ સમાધાન નહીં કરવામાં આવે અને દોષિતોને કાયદા મુજબ કડક સજા અપાવવા તમામ પ્રયાસ કરવામાં આવશે તેવી ખાતરી આપી છે.



માત્ર સુરતમાં જ પાંચ દિવસે પાણી ઊતરે તેવું નથી અમદાવાદની પણ આ જ હાલત છે!

# અમદાવાદના બોપલ-ઘૂમામાં હજુએ પાણી ભરાવાની સ્થિતિ યથાવત્

**માત્ર** થોડા વરસાદમાં જ પાછી એ જ સ્થિતિ સર્જાતાં વહીવટી તંત્ર સામે લોકરોષ ભભૂકી ઊઠ્યો

## બોપલમાં વરસાદી પરિસ્થિતિની મનપા કમિશનરે સ્થળ મુલાકાત લીધી


અમદાવાદ મનપા કમિશનર બંછાનિધિ પાનીએ સોમવારે બોપલ વિસ્તારમાં વરસાદી પાણી ભરાયેલા સ્થળોની મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ સાથે સ્થળ પર જ ચર્ચા કરી અને વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે જરૂરી માર્ગદર્શન, સૂચનાઓ અને દિશા-નિર્દેશ આપ્યા હતા. સાથે જ પાણી ભરાવાની સમસ્યાનું અસરકારક અને કાયમી નિરાકરણ લાવવા માટે જરૂરી તમામ પગલાં લેવા તેમજ સતત મોનિટરિંગ રાખવા અધિકારીઓને સૂચના આપી હતી.

અમદાવાદ: અમદાવાદ શહેરમાં પડેલા ધોધમાર વરસાદમાં શહેરના મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેમા ખાસ કરીને બોપલ- ઘુમાં- શેલા વિસ્તારમાંની સોસાયટીઓ, બંગલાઓમાં ઘૂંટણસમાં પાણી ભરાયા હતા. આ પાણી ઉતરે તે પહેલા જ આજે પડેલા સામાન્ય વરસાદમાં ફરી પાછી ભરાતા લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. સામાન્ય વરસાદમાં સોસાયટીઓના આંતરિક રસ્તાઓ, કોમન પ્લોટ અને પ્રવેશ માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના કારણે રોજીંદા કામકાજ, નોકરી-ધંધા તેમજ જરૂરી વસ્તુઓની ખરીદી માટે બહાર નીકળતા લોકોને પાણીમાંથી પસાર થવાની ફરજ પડી હતી. વરસાદી પાણીના ભરાવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે, થોડા દિવસો પહેલાં પડેલા વરસાદ દરમિયાન પણ આ જ વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. તે સમયે તંત્ર દ્વારા ડી-વોટરિંગ પંપ મારફતે પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નહોતો. પરિણામે સામાન્ય વરસાદ પડતાં જ ફરી એ જ સ્થિતિ સર્જાઈ છે. દર વર્ષે વરસાદી મોસમ દરમિયાન પાણી ભરાવાની સમસ્યા સામે આવતી હોવા છતાં તંત્ર દ્વારા અસરકારક ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરવામાં આવી નથી. જેના કારણે સામાન્ય વરસાદમાં પણ સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ રહી છે. બોપલમાં ફરી સર્જાયેલી આ પરિસ્થિતિને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો.

## સુડોકુ ૭૨૯૮ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | | ૬ | ૧ | | ૩ | | |
| ૪ | ૬ | ૩ | | | | | ૨ | |
| ૨ | ૫ | ૧ | | | | | ૯ | |
| | | | ૧ | ૫ | ૩ | | ૭ | ૪ |
| | ૭ | | ૨ | ૬ | ૪ | | | |
| ૧ | ૩ | ૪ | ૮ | | | | ૬ | ૨ |
| ૮ | ૨ | ૬ | | ૩ | | | ૫ | |
| | ૧ | | ૭ | ૨ | ૬ | | ૩ | |
| ૩ | ૪ | | | ૮ | ૫ | | | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ચક્કર આવવાં

હીંચકો, બસ કે હોડીમાં બેસતાં ચક્કર આવવા તમારી પ્રકૃતિ છે. પણ ઊઠતા, સૂતાં, પડખે ફરતાં ચક્કર આવે તો તરત નિષ્ણાતની સલાહ લો. પ્રાથમિક ઉપચાર જુઓ. આમળાં 10g, ધાણા 5g, કલોંજી 5g, અનંત મૂળ 5g ના ચવકુટ ચૂર્ણ ને 300 મીલી પાણીમાં રાત્રે ભીંજવી દો. સવારે ચા ની જેમ ઉકાળી, સાકર ભેળવી પીવાથી રાહત રહેશે.

# માંજલપુર પેટા ચૂંટણી: ૩૦મીએ મતદાનના દિવસે જાહેર રજા

ગાંધીનગરઃ રાજ્યની ૧૪૫-માંજલપુર વિધાનસભા બેઠકની આગામી તા. ૩૦ જુલાઈના રોજ પેટા-ચૂંટણી યોજાનારી છે. આ પેટા-ચૂંટણીને ધ્યાને રાખીને ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એક્ટ, ૧૮૮૧ મુજબ માંજલપુર મતવિસ્તારના કર્મયોગીઓ કોઈપણ અવરોધ વગર લોકશાહીના પર્વમાં સહભાગી થઈ મતદાન કરી શકે તે માટે મતદાનના દિવસ એટલે કે, તા.૩૦ જુલાઈ- ગુરુવારના રોજ રજા જાહેર કરવામાં આવી છે.

## શબ્દગુંફન - ૭૨૫૧

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. એક નક્ષત્ર (૩)
૩. શહેરથી નાનું અને ગામડાથી મોટું ગામ (૩)
૫. રહસ્ય (૨)
૬. પાછું (૩)
૭. સમાચાર (૩)
૯. પોતાનું (૨)
૧૦. સૂર્ય (૨)
૧૨. આનંદ (૨)
૧૩. શિવનો સેવક સમુદાય (૨)
૧૪. તદ્દન ખાલી (૪)
૧૬. દીકરી (૩)
૧૭. પતિ (૨)
૧૮. ઢીલું, ધીમું (૨)
૧૯. સહાય (૩)
૨૦. એક જીવડું (૩)
૨૨. પવન વાર્તા (૨)
૨૩. મીઠું (૩)
૨૫. રાત્રી (૩)
૨૮. આપવું તે (૨)
૨૯. પીડા, દુઃખ (૩)
૩૧. રાજા (૨)
૩૨. પગપાળો પ્રવાસ (૪)
૩૩. પીડવું તે (૩)
૩૪. લક્ષ્મી, શોભા (૧)

**ઊભી ચાવી**

૧. ફલંગ, ધ્રાસકો (૨)
૨. ઉત્પન્ન થવું (૩)
૩. કાપડ-કાગળના ટુકડા (૪)
૪. પાણી કાઢવાની ચામડાની ઢોલ (૨)
૫. મદદ (૨)
૮. મંજૂરી (૩)
૯. પોતાનો આનંદ (૪)
૧૧. હિંમત (૨)
૧૩. ઇશ્વરકૃપા (૪)
૧૪. ક્ષાર, કાંટો (૨)
૧૫. સમાપ્ત (૩)
૧૭. મુખ, ચહેરો (૩)
૧૮. સુસ્ત, ધીમું (૩)
૨૦. અનુકૂળ વખત (૨)
૨૧. રોકવું, રોકાવું કે ગૂંગળાવું તે (૩)
૨૨. ખાવાની ચીજ (૨)
૨૪. એક નદી (૨)
૨૬. ઉગ્ર, આકરું (૩)
૨૭. અભિપ્રાય (૨)
૨૮. રમતમાં આવતો વારો (૨)
૨૯. મુસાફરી (૨)
૩૦. અવાજ (૨)
૩૧. જંગલ (૨)



## આજનું પંચાંગ

**તા. 28/07/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિઃ** સુદઃ ચૌદસ : 18:20
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 06
**યોગ :** વિષ્કુંભ **કરણઃ** વિષ્ટિ
**નક્ષત્ર :** પૂ.ષા : 13:11
**રાશિઃ** ધન(ભ,ધ,ફ,ઢ)19:50પછીમકર(ખ,જ)
**દિવસ :** અશુભ- મેલા જવાલામુખી - કાશ્મીર
**સુરતમાં સૂર્યોદય :** 06:12 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:18 **નવકારસી :** 07:00
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળઃ** સવારે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** તમારી બૌદ્ધિકતાની કદર થાય ટેક્નોલોજીનો લાભ મળે. પારિવારિક સંયોગથી નોકરી ધંધામાં પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉઘરાણી આવે. આવક વધારવાના નવા રસ્તા મળે વિમા એજન્સીથી લાભ થાય. ઉધાર લેવાનું ટાળવું.

**મિથુન (ક,છ,ઘ,):** કોર્ટ-કચેરીમાં મદદ મળે. નોકરીની તપાસ પૂર્ણ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. નવી ભાગીદારી થાય.

**કર્ક (ડ,હ,):** નોકરીમાં જવાબદારી વધે. રોગનુ નિદાન થાય. ખર્ચા વધશે. સરકારી નોકરી માટેના પ્રયત્નોમા પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** શેર, સટ્ટા, લોટરી વાયદામા તક મળે. પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમા સાથ મળે. મિત્રોનો સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** બહારના કામ સરળ બને. આવક વધારવાની યોજનામા પરિવારનો સાથ મળે. નોકરીમા અનુકૂળતા.

**તુલા (ર,ત,):** અચાનક નવા કામની યોજના પાર પડે. નોકરીમા નવી જવાબદારી મળે. મિત્રો સાથે સામાજીક કામ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આવક વધે. પારિવારિક પ્રશ્નો હલ થાય. ઘરમા અવર-જવર વધે. સરકારી કામમાં પ્રગતિ થાય. વિવાદ ટાળવો.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉત્સાહજનક સમાચાર મળે. અટકેલા કામ થાય. સરકારી કામમા મદદ મળે. આવક વધારવાની તક મળે.

**મકર (ખ,જ,):** ગુપ્તભય સતાવે. ખર્ચ વધશે. પારિવારિક કામમા વ્યસ્ત રહેવાનુ બને. પ્રવાસમાં સાવધાની રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,):** :ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. પ્રેમમાં ગેરસમજ થાય. પરીક્ષામાં સફળતા મળે. આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવા ધંધાનું આયોજન થાય. નોકરીમા જવાબદારી વધે. સમાજમાં માન વધે. આવક વધે.

## કોઈ પણ સાલમાં 28 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન થાય. અટકેલા નાણા છુટા થાય. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આર્થિક બાબતે પ્રગતિથી નવા રોકાણ સરળ બને. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે. અને હરીફોની હેરાન ગતિ પણ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. અટકેલા કેસમા કાયદાકીય મદદ મળે. તેમજ પ્રેમ વિવાહ ઇચ્છુકને મદદ મળે. સંતાનોના અભ્યાસ. કેરીયરમા ભાગ્યના સાથનો અનુભવ થાય. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને યોગ્ય ફળ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના સરળ બને. મિત્રો વડીલોની મદદથી વેપાર-ધંધામાં મળે. વારસા, જાયદાત, જમીનના કામમાં ગતિ આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ, કર્મ થાય. જુલાઇ, ઓગસ્ટ, રવિ-સોમવાર 1,10,24 તારીખે નવા કામ કરવા. સોનેરી, ભુરા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવો. શ્યામનો રંગનો ઉપયોગ ટાળવો.

**'ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પોલિસી' લોન્ચ**

# ગુજરાત હવે દેશનું લીડિંગ શિપબિલ્ડિંગ હબ બનશે

**પોરબંદરના** કુછડીમાં 27 હજાર કરોડનું રોકાણ થશે

**રાજ્યમાં** બે મેગા શિપબિલ્ડિંગ પાર્ક અને સ્માર્ટ ગ્રીન મરિન ઈકોસિસ્ટમ ઊભી કરાશે

**૫ લાખથી** વધુ યુવાનોને સ્કિલ તાલીમ આપવાનો મહત્ત્વકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરાયો

ગાંધીનગરઃ ભારતને વિશ્વના અગ્રણી શિપબિલ્ડિંગ દેશોમાં સ્થાન અપાવવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય તરફ ગુજરાત સરકારે સોમવારે ઐતિહાસિક કદમ ભર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજ્યની નવી 'ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પોલિસી-2026' લોન્ચ કરી રાજ્યને વૈશ્વિક શિપબિલ્ડિંગ અને મેરિન ઉદ્યોગનું કેન્દ્ર બનાવવાનો રોડમેપ જાહેર કર્યો હતો. નવી નીતિ હેઠળ પોરબંદરના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટર સહિતના પ્રોજેક્ટ્સ દ્વારા 27,000 કરોડથી વધુનું રોકાણ આકર્ષાવાની સંભાવના છે, જ્યારે બે મેગા શિપબિલ્ડિંગ પાર્ક, 50 લાખ ડેડ વેઈટ ટનેજ (DWT)થી વધુ ઉત્પાદન ક્ષમતા અને 5 લાખથી વધુ યુવાનોને કૌશલ્ય તાલીમ આપવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'મેરિટાઇમ વિઝન-2047'ને સાકાર કરવા રાજ્ય સરકારે આ નીતિ અમલમાં મૂકી છે. દેશનો સૌથી લાંબો 2,340 કિલોમીટરનો દરિયાકિનારો ધરાવતા ગુજરાતને વૈશ્વિક શિપબિલ્ડિંગ અને શિપ રિપેરિંગ હબ તરીકે વિકસાવવાનો આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય છે. બંદરો અને વાહનવ્યવહાર વિભાગ તથા ગુજરાત મેરિટાઇમ બોર્ડ (GMB) દ્વારા તૈયાર કરાયેલી આ નીતિ માત્ર નવા શિપયાર્ડ ઊભા કરવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ મરીન સાધન-સામગ્રી ઉત્પાદન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R|D), સ્ટાર્ટઅપ્સ, સ્માર્ટ ટેકનોલોજી અને ગ્રીન શિપયાર્ડ્સ સહિત સમગ્ર મેરિટાઈમ ઈકોસિસ્ટમના વિકાસ પર કેન્દ્રિત છે.

નવી પોલિસીને પાંચ મુખ્ય આધારસ્તંભો પર આધારિત રાખવામાં આવી છે. તેમાં શિપયાર્ડ અને સહાયક ઉદ્યોગોનો વિકાસ, કૌશલ્ય વિકાસ, ગ્રીન શિપયાર્ડ્સને પ્રોત્સાહન, સ્માર્ટ શિપયાર્ડ્સનું નિર્માણ તેમજ સ્ટાર્ટઅપ્સ અને સંશોધનને વેગ આપવાનો સમાવેશ થાય છે. આ નીતિ અંતર્ગત રાજ્યમાં બે ઈન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્ક ઊભા કરવામાં આવશે તેમજ શિપબિલ્ડિંગ ઉત્પાદન ક્ષમતા વધારીને 50 લાખ DWTથી વધુ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

પોલિસીનો સૌથી મોટો પ્રોજેક્ટ પોરબંદર જિલ્લાના કુછડી ખાતે વિકસનારો મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટર રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલા આ ક્લસ્ટરમાં બે થી ત્રણ વૈશ્વિક કક્ષાના શિપયાર્ડ્સ અને એન્સિલરી ઉદ્યોગો વિકસાવવામાં આવશે. એકલા આ ક્લસ્ટરમાંથી જ અંદાજે 23,700 કરોડનું ખાનગી રોકાણ આકર્ષાશે. ઉપરાંત ભારત સરકારની શીપ બિલ્ડીંગ ડેવલોપમેન્ટ સ્કીમ અને રાજ્ય સરકારના સંયુક્ત સહયોગથી લગભગ 3,300 કરોડના ખર્ચે બ્રેકવોટર, હાર્બર બેસિન, ડ્રેજિંગ, નેવિગેશન ચેનલ, ફ્લોટિંગ ક્રેન્સ, ભારે મશીનરી તેમજ રોડ, વીજળી અને પાણી જેવી કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ઊભી કરવામાં આવશે.